## કમિશ્નરશ્રી, કામદાર વળતર ધારા, લેબર કોર્ટ નં.૭, અમદાવાદ સમક્ષ

<u>ડીસ્ટ્રીબ્યુશન અરજી નં.૫૮/૨૦૧૭</u>
આંક–૧૦

**અરજદારઃ–(૧)** કલ્પનાદેવી તે ગુજરનાર ચંદનકુમાર મીશ્રાની વિધવા પત્નિ

**(૨)** રૂપનારાયણ અધિકાંત મીશ્રા

**(૩)** સગીર પ્રિયાંશુકુમાર ચંદનકુમાર મીશ્રા

**(૪)** સગીર દિવ્યાકુમારી ચંદનકુમાર મીશ્રા

તમામ રહે. મુ. દામોદરપુર, તાલુકોઃ– બેનીપતી,

જી.મધુબની. પીન – ૮૪૭ ૨૨૩. બિહાર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ–** સીમપ્લેક્ષ ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ

ઠે.૨૦૮, " અભિશ્રી "

સ્ટાર બજાર સામે, જોધપુર ચાર રસ્તા પાસે,

સેટેલાઈટ, અમદાવાદ. ૩૮૦ ૦૧૫.

વિષયઃ– <u>અકસ્માત વળતરની વહેંચણી માટેની અરજી લગત હુકમ.</u>

અરજદારો તરફે : વિધ્વાન વકીલ શ્રી એચ.ડી.કથરોટીયા
સામાવાળા તરફે : જાતે

**(૧)** હાલની અરજી અરજદારોએ, મૈયત ચંદનકુમાર રૂપનારાયણ મીશ્રાના અકસ્માત મૃત્યુના વળતર પેટે સામાવાળાએ જમા કરાવેલ રકમ રૂા.૮,૫૪,૨૮૦/– મેળવવા માટે કરેલ છે.

**(૨)** સામાવાળાને નોટીસ બજતા તેઓએ હાજર થઈ આંક–૭ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે, અરજદારોને નાણાં ચૂકવવામાં આવે તો વાંધો નથી.

**(૩)** અરજદારો તરફે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. અરજદાર નં.૧ અને નં.૨ તરફે રજુ એફીડેવિટ વંચાણે લીધા. તથા અરજદાર નં.૩ અને નં.૪ ના બર્થ સર્ટીફીકેટ વંચાણે લીધા જે તમામ પુરાવા ધ્યાને લેતા અરજદાર નં.૧ એ મૈયત ચંદનકુમારના વિધવા પત્ની છે, તથા અરજદાર નં.૨ એ મૈયત ચંદનકુમારના પિતા છે તથા અરજદાર નં.૩ અને નં.૪ એ મૈયત ચંદનકુમારના કાયદેસરના સંતાનો છે. અરજદારો તરફે દલીલ કરેલ છે કે, હાલના અરજદારો સિવાય મૈયત ચંદનકુમારના અન્ય કોઈ આશ્રિત નથી. મૈયત ચંદનકુમારના માતૃશ્રી અવસાન પામેલ છે. આમ, અરજી, રેકર્ડ ઉપર રજુ પુરાવા તથા દલીલો ધ્યાને લેતા હાલના અરજદારો એ મૈયતના આશ્રીતો હોવાનું પુરવાર થાય છે. તેમની ઉંમર અને જરૂરીયાતો ધ્યાને લેતા અરજી મંજુર કરી નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– : હુકમ : –**

| **અનુ. ક્રમ** | **આશ્રીતનું નામ** | **ફીકસ ડીપોઝીટમાં મુકવાની રકમ રૂા.** | **એફ.ડી. નો સમય ગાળો** | **એકાઉન્ટ પેયી ચેકથી ચુકવવાની રકમ રૂા.** | **તેમના હિસ્સે આવેલ કુલ રકમ રૂા.** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧. | કલ્પનાદેવી ચંદનકુમાર મીશ્રા (પત્ની) | ૧,૮૪,૦૦૦/– | પાંચ વર્ષ | ૩૨,૭૮૦/– | ૨,૧૬,૭૮૦/– |
| ૨. | રૂપનારાયણ અધિકાન્ત મીશ્રા (પિતા) | ૧,૮૦,૦૦૦/– | પાંચ વર્ષ | ૩૨,૫૦૦/– | ૨,૧૨,૫૦૦/– |
| ૩. | પ્રિયાંશુકુમાર ચંદનકુમાર મીશ્રા (સગીર પુત્ર) | ૨,૧૨,૫૦૦/– | પુખ્ત થતાં સુધી | – | ૨,૧૨,૫૦૦/– |
| ૪. | દિવ્યાકુમારી ચંદનકુમાર મીશ્રા (સગીર પુત્રી) | ૨,૧૨,૫૦૦/– | પુખ્ત થતાં સુધી | – | ૨,૧૨,૫૦૦/– |
| | | | | | રૂા.૮,૫૪,૨૮૦/– (અંકે રૂપીયા આઠ લાખ ચોપ્પન હજાર બસો એંશી પુરા) |

**(1)** ઉપર જણાવેલ આશ્રીતોને ફાળવેલ રોકડ રકમ ધોરણસરની ઓળખાણ અને પહોંચ લઈ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી.

**(2)** વળતરની રકમની કામચલાઉ ધોરણે જે એફ.ડી. કરેલ છે, તેનું આજદિન સુધીનું વ્યાજ કલ્પનાદેવી ચંદનકુમાર મીશ્રાને એકાઉન્ટ પેયી ચેકથી ચુકવી આપવું.

(3) એફ.ડી.ની રકમ જે તે આશ્રીત અને વ.કો. કમિશ્નરશ્રીના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવી અને ત્રીમાસિક વ્યાજ તેમના ચાલુ ખાતામાં ભરણપોષણ અને ઘર ખર્ચ માટે જમા આપવું.

(4) સગીર પ્રિયાંશુકુમાર અને સગીર દિવ્યાકુમારીની એફ.ડી.નું ત્રીમાસીક વ્યાજ તેમના માતા કલ્પનાદેવી ચંદનકુમાર મીશ્રાના ખાતામાં જમા આપવું.

(5) અરજદારો એફ.ડી. ઉપર કોઈ લોન કે બોજો ઉભો કરી શકશે નહીં.

(6) એફ.ડી. ની મુદત પુરી થતાં રકમ જે તે અરજદારને ચુકવી આપવી.

તા.૨૭–૮–૨૦૧૮
અમદાવાદ.

(તૃપ્તી ચીનુભાઈ પટેલ)
GJ00697
એકસ ઓફીસીયો કમિશ્નર,
કામદાર વળતર ધારા,
લેબર કોર્ટ નં.૭, અમદાવાદ

**N.G.Rathod, P.A.**